મહીસાગર જિલ્લામાં નલ સે જલ યોજનાના કૌભાંડમાં

વાસ્મો કચેરીના પૂર્વ એન્જિનિયર મોહસીન મન્સુરીની પણ ધરપકડ

લુણાવાડા તા ૨૩

મહીસાગર જિલ્લામાં 'નલ સે જલ' યોજના કૌભાંડમાં વધુ એક શખ્સની ધરપકડ કરવામાં આવી છે.વાસ્મો કચેરીના પૂર્વ એન્જિનિયર મોહસીન ગનીભાઈ મન્સુરી સામે કાર્યવાહી કરવામાં આવી છે.

આરોપી સામે રૂ.૮.૬૦ લાખની ઉચાપત કરવાનો આરોપ છે,અત્યાર સુધીમાં કુલ ૫૯ આરોપીની ધરપકડ થઈ છે

મહીસાગર જિલ્લામાં ચર્ચિત 'નલ સે જલ' યોજના કૌભાંડ સંદર્ભે પોલીસે તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. આ કૌભાંડની તપાસ દરમિયાન પોલીસે વધુ એક આરોપીની ધરપકડ કરી છે.વાસ્મો કચેરીના પૂર્વ એન્જિનિયર મોહસીન મન્સુરીની ધરપકડ કરવામાં આવી છે. મોહસીન મન્સુરી પર નલ સે જલ યોજના અંતર્ગત ૮.૬૦ લાખ રુપિયા પોતાના ખાતામાં ઉચાપત કરવાનો આરોપ છે.'નલ સે જલ' કૌભાંડમાં પોલીસ દ્વારા સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે.આ નવી ધરપકડ સાથે આ કૌભાંડમાં અત્યાર સુધીમાં કુલ ૫૯ આરોપીઓની ધરપકડ કરી ચૂકી છે.પોલીસ દ્વારા સમગ્ર મામલે વધુ તપાસ ચલાવવામાં આવી રહી છે.

યુવાનનો ફાંસો ખાઈ આપઘાત

વડોદરા,બુધવાર

વડોદરા નજીક વડદલા ગામે ફ્યૂચર ગ્રીન વિલાની નવી સાઈટ પર કામ કરતા મૂળ દાહોદ તાલુકાના ૧૮ વર્ષના દર્શન વસંત વસાવાએ આજે સવારે સાડા આઠ વાગ્યા પહેલા પાલક બાંધવાના બાંબુ પર ગળા ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. યુવાને ક્યાં કારણોસર આત્મહત્યા કરી તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે.

આતરસુંબાથી જય અંબે પગપાળા સંઘનું અંબાજી તરફ પ્રયાણ



કપડવંજઃ કપડવંજ તાલુકાના આતરસુંબાથી દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષ પણ જય અંબે પગપાળા સંઘ દ્વારા અંબાજી તરફ પ્રયાણ કરવામાં આવ્યું હતું. સંઘ પ્રસ્થાન પૂર્વે ગામમાં માતાજીની ધજાની શોભાયાત્રા યોજાઈ હતી, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાયા હતા. આ પ્રસંગે ગામના ડેપ્યુટી સરપંચ મેહુલભાઈ પરીખ પણ દર વર્ષની જેમ આ વર્ષે પણ સંઘમાં નિઃસ્વાર્થ સેવા આપી રહ્યા છે. આતરસુંબાથી છેલ્લા ૨૭ વર્ષથી અંબાજી માટે પગપાળા સંઘ પ્રસ્થાન કરે છે. વર્ષોથી ચાલી આવતી આ પરંપરામાં આ વર્ષે પણ આતરસુંબા ઉપરાંત આસપાસના અન્ય શ્રદ્ધાળુઓ જોડાયા હતા. સંઘમાં ૨૦થી વધુ લોકો અંબાજી સુધીની પગપાળા યાત્રામાં જોડાયા હોવાનું આયોજકોએ જણાવ્યું હતું. માતાજીની ધજા સાથે નીકળેલા સંઘના પ્રસ્થાન સમયે ભક્તિમય માહોલ સર્જાયો હતો.

બોરસદ ખાતેથી બિયરના બે ટીન સાથે બે શખ્સો ઝડપાયા

આણંદ,તા.૨૩

બોરસદ શહેરની ખેતીવાડી પાછળ આવેલી ખુલ્લી જગ્યામાં બોરસદ શહેર પોલીસે છાપો મારતા બે શખ્સો બિયરના બે ટીન સાથે ઝડપાઈ ગયા હતા. પોલીસે બંનેના નામ અંગે પૂછતા તેજસ વિઠ્ઠલભાઈ પટેલ (રહે.બોરસદ) અને ભૌમિક કેતનભાઈ પટેલ (રહે.અલારસા) હોવાનું જણાવ્યું હતું. પોલીસે બંને વિરૂદ્ધ પ્રોહિબિશન એક્ટ મુજબ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

રૂા. ૧૫૮ કરોડના

(છેલ્લા પાનાનું ચાલુ)

સસ્તાપુર પાસે તેમજ મહેમદાવાદના સિંહુંજ પાસે રોડની ભારે દુર્દશા જોવા મળી રહી છે.

સામાન્ય નિયમો મુજબ, રોડ બનાવતી વખતે સરફેસ કરી લેવલથી ૬થી ૮ ઈંચ ઊંડો ખોદીને મજબૂત પાયો તૈયાર કરવો પડે છે. પરંતુ મહુધાના એક ઈજનેરે નામ ન આપવાની શરતે ખુલાસો કર્યો હતો કે, માર્ગ-મકાન વિભાગના અધિકારીઓની મહેરબાનીથી ખેડા જિલ્લાના મોટા ભાગના રોડ પર માત્ર પેચવર્ક અને પેવરવર્ક કરી કામ પૂરું બતાવી દેવાય છે. અંદરથી કોઈ નક્કર કામ ન થતાં વરસાદી પાણીના કારણે જમીન બેસી જાય છે અને રોડ પર મોટા ખાડા પડી જાય છે. આમ, અંદરનું કામ મજબૂત કર્યા વિના બિલ પાસ કરી દેવાતાં એજન્સીઓ માલામાલ થઈ રહી છે અને પ્રજા હેરાન થઈ રહી છે.


તારાપુર પોલીસે ચોરીનો ભેદ ઉકેલ્યો

ચાંગા ગામનું દંપતી ચોરીની મોટરસાઈકલ સાથે ઝડપાયું

તારાપુર,તા. ૨૩

તારાપુર પોલીસ સ્ટેશન દ્વારા બાઈક ચોરીના એક અનડિટેક્ટ ગુનાનો ભેદ ઉકેલવામાં આવ્યો છે. તા. ૨૨-૯-૨૦૨૬ના રોજ તારાપુર પોલીસ સ્ટેશનમાં એક પલ્સર બાઈકની ચોરી અંગે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પોકેટ કોપ, સીસીટીવી અને બાતમીના આધારે પોલીસે ચોરીનો ભેદ ઉકેલી કાર્યવાહી હાથ ધરી



તારાપુર પોલીસ ટીમે પોકેટ કોપ મોબાઈલ ફોન, સીસીટીવી ફૂટેજ અને હ્યુમન સોર્સની મદદથી તપાસ કરતા જાણવા મળ્યું હતું કે, પેટલાદના ચાંગાનો રહીશ અનિલભાઈ ઉર્ફે સતિષ દિનેશભાઈ તળપદા બાઈક ચોરી કરવાની ટેવવાળો છે. આરોપી અનિલભાઈ અને તેની પત્ની સંગીતાબેન (બંને રહે. ચાંગા)એ ભેગા મળીને આ પલ્સર બાઈકની ચોરી કરી હોવાની બાતમીના આધારે પોલીસે તપાસ સઘન બનાવી હતી.

પોલીસે તારાપુર મોટી ચોકડી, સોજીત્રા રોડ પર આવેલા ટ્રેક્ટરના શોરૂમ આગળથી આ બંને પતિ-પત્નીને ચોરીના પલ્સર બાઈક સાથે ઝડપી પાડી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. પકડાયેલો મુખ્ય આરોપી અનિલભાઈ ઉર્ફે સતિષ તળપદા રીઢો ગુનેગાર છે અને તે ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. તેની સામે સોજીત્રા, બગોદરા અને મહેળાવ પોલીસ સ્ટેશનમાં પણ ગુનાઓ નોંધાયેલા છે.

'કલાન્તર' યુથ ફેસ્ટિવલના બીજા દિવસે છાત્રોએ પ્રતિભા પાથરી

આણંદ,તા.૨૩



સરદાર પટેલ યુનિવર્સિટીના યુથ ફેસ્ટીવલ કલાન્તરના બીજા દિવસે વિદ્યાર્થીઓ દ્વારા પોતાની કલા, કલ્પના અને પોતાની આંતરિક શક્તિઓ જે-તે સ્પર્ધામાં રજૂ કરાઈ હતી.બુધવારે મુખ્યત્વે ક્વીઝ પ્રીલીમ અને મુખ્ય સ્પર્ધા યોજાઈ હતી. રંગોલી, મોડેલીંગ, કાર્ટુનીંગ, સ્કીટ, મીમીક્રી, માઈમ સ્પર્ધાઓ અલગ-અલગ વિભાગોમાં યોજાઈ હતી. ગૃપ સોંગ ઈન્ડિયન, વેસ્ટર્ન વોકલ (સોલો), ગૃપ સોંગ (વેસ્ટર્ન)માં વિદ્યાર્થીઓએ પોતાની કૃતિઓ રજૂ કરી હતી. ડિબેટસ્પર્ધામાં એ.આઈ.ના ફાયદા-ગેરફાયદા વિષય પર વિદ્યાર્થીઓએ પોતાના અલગ-અલગ વિચારો રજૂ કર્યા હતા.

આણંદ જિલ્લામાં

(છેલ્લા પાનાનું ચાલુ)

વર્ષે વરસાદની સ્થિતિ અને બજારના ભાવોના આધારે ખેડૂતો તમાકુની વાવણી કરતા હોય છે. આમ તો શ્રાવણ માસમાં ખેડૂતો તમાકુની વાવણી કરતા હોય છે. શ્રાવણ મહિનો કોરો રહેવા પામ્યો હતો. જેથી ખેડૂતો ચિંતામાં જોવા મળ્યા હતા.

પરંતુ ભાદરવા મહિનામાં સારો વરસાદ થતા ખેડૂતો ખુશ થયા હતા અને વાવેતર શરૂ કર્યું હતું. ખેડૂત ધર્મેશ બારોટ જણાવે છે કે, આજથી ૧૦ વર્ષ પહેલા જન્માષ્ટમી પહેલા વાવણી થઈ જતી હતી. પરંતુ વરસાદની અનિયમિતતાથી પાછોતર વરસાદને કારણે તમાકુ બગડતી હોવાથી હવે સપ્ટેમ્બર ૧૧ પછી વાવેતર કરી રહ્યા છે. પ્રતિકૂળ હવામાનના કારણે વાવેતરમાં ઘટાડો પણ નોંધાયો છે.

ઓગષ્ટ માસમાં કેટલાક ખેડૂતોએ પાણી લઈને તમાકુ રોપી હતી. જ્યારે બીજા ખેડૂતોએ તાજેતમાં વરસાદ પડ્યો પછી તમાકુની રોપણી શરૂ થઈ છે. ધરૂના ભાવ જાત પ્રમાણે ૨૦૦થી ૪૦૦ રૂા. ૧૦૦૦ છોડના ચાલી રહ્યા છે. સારો વરસાદ પાછોતર થતા તમાકુ પકવતા ખેડૂતો ખુશ જોવા મળ્યા છે.

પેટલાદના

(છેલ્લા પાનાનું ચાલુ)

અધિકારીની મંજુરી મેળવી બાંધકામ કરવા જણાવેલ હોવા છતાં હોસ્પિટલનું કામકાજ ચાલુ રહેતા ગામમાં અનેક તર્ક-વિતર્ક થઈ રહ્યા છે.

જે-તે તંત્ર દ્વારા આદેશ બાદ પણ કોના આર્શીવાદથી કામ ચાલી રહ્યું છે તે અંગે ગ્રામજનોમાં ઘણા આક્ષેપો પ્રતિઆક્ષેપો થઈ રહ્યા છે. તંત્ર દ્વારા યોગ્ય તપાસ કરીને કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી કરાઈ છે.

મહીસાગર જિલ્લાની જીવાદોર સમાન

કડાણા ડેમમાં ઉપરવાસમાંથી સતત પાણી આવક, ડેમ ૭૧ ટકા ભરાયો

લુણાવાડા તા ૨૩

મહીસાગર જિલ્લાની જીવાદોરી સમાન કડાણા ડેમમાં ઉપરવાસમાંથી સતત થઈ રહેલી પાણીની ભારે આવકને પગલે જળસપાટીમાં નોંધપાત્ર વધારો થયો છે.

છેલ્લા બે દિવસમાં સપાટીમાં ૪ ફૂટનો ધરખમ વધારો, ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના ૮ જિલ્લામાં સિંચાઈ અને પીવાનું પાણી પહોંચાડે છે

બે દિવસમાં જ ડેમની સપાટીમાં ૪ ફૂટ જેટલો ઉછાળો નોંધાયો છે. પરિણામે ખાલી ભાસતો કડાણા ડેમ હવે ૭૧ ટકાથી વધુ ભરાઈ ચૂક્યો છે. ડેમમાં ૭૦ ટકાથી વધુ જળસંગ્રહ થતાં જ ડેમ ઓથોરિટી દ્વારા વોર્નિંગ લેવલ જાહેર કરવામાં આવ્યુંછે.હાલની જળ સપાટીથ ૪૦૬ ફૂટ ૮ ઈંચ ડેમની કુલ નિર્ધારિત સપાટીથ ૪૧૯ ફૂટ હાલનો કુલ જળસંગ્રહ ૭૧.૨૪% છેલ્લા ૪૮ કલાકમાં વધારો ૪ ફૂટ નવા નીરની આવક ૫,૩૪૭ ક્યુસેક ડેમ ઓથોરિટી દ્વારા વોર્નિંગ લેવલ જાહેર કરાયું કડાણા ડેમમાં થઈ રહેલી આ નવી આવક માત્ર મહીસાગર પૂરતી સીમિત નથી. રાજ્યના અનેક જિલ્લાઓ માટે જીવનરેખા સાબિત થશે. સુજલામ સુફલામ સ્પ્રેડિંગ કેનાલ મારફતે ડેમમાંથી ઉત્તર ગુજરાત અને મધ્ય ગુજરાતના ૮ મોટા જિલ્લાઓ મહીસાગર, અરવલ્લી, મહેસાણા, ગાંધીનગર, ખેડા, સાબર કાંઠા, પાટણ અને છેક બનાસકાંઠા સુધી સિંચાઈ અને પીવાનું શુદ્ધ પાણી પહોંચાડે છે.

ડેમ પ્રશાસન એલર્ટ મોડ પર

કડાણા પાવર હાઉસ મારફતે વણાકબોરી વિયર દ્વારા ખેડા, નડિયાદ અને આણંદ પંથકના ખેડૂતો અને નાગરિકો સુધી પાણી પહોંચાડવાની વ્યવસ્થા સુનિશ્ચિત થઈ છે. ડેમ ૭૧ ટકાથી વધુ ભરાઈ જતાં આગામી રવિ સીઝન અને પીવાના પાણીની ચિંતા હળવી થઈ છે.હાલ ઉપરવાસમાંથી ૫,૩૪૭ ક્યુસેક પાણીનો પ્રવાહ સતત ડેમ તરફ વહી રહ્યો છે.જેના કારણે ડેમ પ્રશાસન સંપૂર્ણ એલર્ટ મોડ પર છે.

ઉમરેઠના વડા

(પહેલા પાનાનું ચાલુ)

પ્રકારની દુર્ઘટના, જાનહાની, ઈજા, મિલકતને નુકસાન અથવા અન્ય કોઈપણ નુકસાનની જવાબદારી સંપૂર્ણપણે આપની પોતાની રહેશે અને તે અંગે ઉમરેઠ નગરપાલિકા કોઈપણ રીતે જવાબદાર રહેશે નહીં. આથી, કોઈપણ અનિચ્છનીય બનાવ ન બને અને જાહેર જનતા અને દુકાનદારોની સલામતી જળવાઈ રહે તે હેતુથી આ નોટિસને ગંભીરતાથી લઈ દુકાન તાત્કાલિક ખાલી કરી નગરપાલિકાને કબજો સોંપવામાં જણાવવામાં આવે છે. દિન ૦૫ની અંદર દુકાન ખાલી નહીં કરવામાં આવે તો કોઈપણ પ્રકારની દુર્ઘટના, નુકસાનની સંપૂર્ણ જવાબદારી સંબંધિત દુકાનદારની રહેશે.

ગોબલજના

(છેલ્લા પાનાનું ચાલુ)

ટાળવા માટે જાણીજોઈને સંતાતો ફરતો હોવાની ખાતરી કોર્ટને કરવામાં આવી હતી. આ મામલે પોલીસ દ્વારા કોર્ટનું ધ્યાન દોરવામાં આવતા કોર્ટે આરોપી વિરૂદ્ધ કડક વલણ અપનાવ્યું છે. માતરના પ્રિન્સીપાલ સીવીલ જજ અને જ્યુડિશિયલ મેજિસ્ટ્રોટ ફર્સ્ટ ક્લાસની કોર્ટ દ્વારા આરોપી સીરાજોદિન સૈયદ વિરૂદ્ધ બીએનએસએસ કલમ ૮૪ મુજબ એક જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

તારીખ ૨૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ પ્રસિદ્ધ કરાયેલા આ જાહેરનામામાં આરોપીને ૩૦ દિવસની અંદર કોર્ટ સમક્ષ હાજર થવા ફરમાન કરવામાં આવ્યું છે. જો આરોપી આ સમયગાળા દરમિયાન અદાલતમાં હાજર નહીં થાય તો તેની સામે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેવી તાકીદ કરવામાં આવી છે.

ડભાણ નજીક

(છેલ્લા પાનાનું ચાલુ)

ઉઠાવીને ફસાયેલી મહિલાને કારમાંથી સલામત રીતે બહાર કાઢી હતી અને તેમને સુરક્ષિત જગ્યાએ બેસાડ્યા હતા. અકસ્માત અંગે ટ્રક ચાલક ભરતભાઈએ જણાવ્યું હતું કે, તેઓ પોતાનો ટ્રક લઈને આણંદ તરફ જઈ રહ્યા હતા ત્યારે પાછળથી આવી રહેલી કાર અચાનક તેમની ટ્રકની પાછળ ઘૂસી ગઈ હતી. આ અકસ્માત બાદ મહિલા ભારે ગભરાઈ ગયેલી જોવા મળી હતી અને તેણે આ બનાવ અંગે કોઈપણ પ્રતિક્રિયા આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો.

હાઈવે પર ટ્રાફિકજામની સ્થિતિને પહોંચી વળવા પોલીસે ક્રેન તેમજ અન્ય સાધનોની મદદ લઈને ટ્રકની નીચે ફસાયેલી કારને બહાર કાઢી હતી.

નિરમાલી પાસેથી

(છેલ્લા પાનાનું ચાલુ)

ગાડીઓ વડે રસ્તો બ્લોક કરી દેવામાં આવતા બુટલેગરોની કાર ફસાઈ ગઈ હતી. રસ્તા પર અન્ય વાહનોની અવરજવર અને ટ્રાફિકજામ જેવી સ્થિતિ સર્જાતા કાર ચાલક અને તેની બાજુમાં બેઠેલો શખ્સ ગાડીમાંથી ઉતરીને બાજુના ખેતરોમાં દોટ મૂકી હતી. પોલીસે તેઓનો પીછો કર્યો હતો પરંતુ તેઓ હાથ લાગ્યા ન હતા. ત્યારબાદ કારની તલાશી લેતા પાછળની સીટ અને ડિકીમાં સંતાડેલો વિદેશી દારૂનો મસમોટો જથ્થો મળી આવ્યો હતો.

પકડાયેલી કારમાંથી કુલ ૯૨ પેટી વિદેશી દારૂ મળી આવ્યો હતો. જેમાં બીયરના ટીન અને દારૂની બોટલો મળીને કુલ ૩૨૦૩ નંગ જપ્ત કરાયા છે. જેની બજાર કિંમત ૭,૨૦,૬૮૫ રૂપિયા આંકવામાં આવી છે. આ ઉપરાંત ૧૫,૦૦,૦૦૦ રૂપિયાની કાર મળીને કુલ ૨૨,૨૦,૬૫૮ રૂપિયાનો મુદ્દામાલ પોલીસ દ્વારા કબજે કરવામાં આવ્યો છે.

આ ઘટનાસ્થળ કયા પોલીસ સ્ટેશનની હદમાં આવે છે તેની ખાતરી કરવા માટે ખેડા કંટ્રોલ રૂમનો સંપર્ક કરાયો હતો અને કપડવંજ રૂરલ પોલીસની ટીમને ત્યાં બોલાવવામાં આવી હતી. રસ્તા પર લોકોના ટોળા ભેગા થતા હોવાથી સુરક્ષાના કારણોસર દારૂ ભરેલી કારને સીધી કપડવંજ રૂરલ પોલીસ મથકે લઈ જવામાં આવી હતી. પોલીસે તમામ મુદ્દામાલ જપ્ત કરી અજાણ્યા બુટલેગરો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રાજસ્થાનથી દારૂ ભરીને આવતા બુટલેગરો હાઈવેના બદલે અંદરના ગામડાઓના રસ્તાઓનો ઉપયોગ કરતા હોવાનું સામે આવ્યું છે. અરવલ્લી જિલ્લાના ચોઈલા ગામથી તેઓ સીધા ખેડા જિલ્લાના નીરમાલી ગામના કાચા અને આંતરિક રસ્તાઓ પરથી પસાર થઈને કપડવંજ તરફ જઈ રહ્યા હતા. જેથી મોટી ચેકપોસ્ટ કે પોલીસની નજરમાંથી બચી શકાય.

જાહેર નોટીસ

અમો વિરેન્દ્રસિંહ પી. રાઉલજી, એડવોકેટ, તે અમારા અસીલો (૧) વિક્રમસિંહ ઉદેસિંહ પરમાર તથા (૨) ગુણવંતસિંહ ઉદેસિંહ પરમારનાઓએ આપેલી માહિતી અને તેઓની સ્પષ્ટ સુચના અને ફરમાઈશથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતાને જણાવીએ છીએ કે,

જત ડિસ્ટ્રીક્ટ આણંદ, સબ ડિસ્ટ્રીક્ટ અને તાલુકો આણંદના મોજે ગામ મોગરીની સીમની સર્વે નં. ૭૯૨ / પૈકી, ક્ષેત્રફળ : હે. ૦-૦૬-૦૩ આરે. ચો.મી. તથા સર્વે નં. ૭૮૦ / પૈકી ખાતા નંબર : ૧૩૪૫, ક્ષેત્રફળ : હે. ૦-૩૦-૫૧વાળી તથા સર્વે નં. ૭૯૪ / પૈકી ખાતા નંબર : ૧૩૪૫ વાળી, ક્ષેત્રફળ : હે. ૦-૧૩-૧૫ વાળી તથા સર્વે નં. ૭૯૩ / પૈકી ખાતા નંબર : ૧૮૩૧ વાળી ઉત્તર બાજુની ભાગ ક્ષેત્રફળ : હે. ૦-૦૮-૬૮ આરે. ચો.મી. વાળી જમીન તથા મોગરી ગ્રામ પંચાયત મિલકત નં. ૧૫૬૩ અને ૧૫૬૪વાળું મકાન સહિતની ઉપરોક્ત તમામ મિલકતો અમારા અસીલો અને તેમના પિતાશ્રી ઉદેસિંહ માનાભાઈ પરમાર તથા અન્ય સીધી લીટીના વારસોની વડિલોપાર્જીત અને કબજા ભોગવટાની આવેલ છે.

અમારા બન્ને અસીલોના પિતાશ્રી ઉદેસિંહ માનાભાઈ પરમારે તેમની તમામ સ્થાવર જંગમ મિલકતોમાંથી અમારા બન્ને અસીલોને બેદખલ કરવા અંગેની એક જાહેર નોટીસ તા. ૧૨/૦૯/૨૦૨૬ને શનિવારના દિવ્ય ભાસ્કરની ચરોતર આવૃત્તિના ત્રીજા પાને એડવોકેટ એન્ડ નોટરી દિલાવરસિંહ કિરીટસિંહ ગોહેલ મારફતે પ્રસિદ્ધ કરાવી છે. હકીકતમાં ઉપરોક્ત મિલકતો વડિલોપાર્જીત અને વારસાઈ હક્કની હોઈ અમારા અસીલોનો વારસાઈ હક્ક, લાગભાગ, હક્ક, હિત, હિસ્સો અને વારસાઈ અધિકાર સમાયેલો છે. અમારા અસીલોના પિતાશ્રી ઉદેસિંહ માનાભાઈ પરમાર સદર મિલકતો વેચાણ કરવા માગતા હોઈ અમારા અસીલોના હિતમાં જાહેર જનતા તથા લાગતા વળગતાઓને જાણ કરવાના આશયથી આ જાહેર નોટીસ પ્રસિદ્ધ કરાવવાની અમારા અસીલોને ફરજ પડી છે.

જેથી સદરહુ જમીનો / મિલકતોમાં અમારા અસીલોનો વારસાઈ હક્ક, લાગભાગ, હક્ક, હિત, હિસ્સો અને વારસાઈ અધિકાર સમાયેલો હોઈ કોઈપણ સંસ્થા, બેંક કે ઈસમોએ ઉપરોક્ત મિલકતો અંગે કોઈપણ પ્રકારનો નાણાંકીય કે અન્ય કોઈપણ વ્યવહાર કરવો કરાવવો નહીં. અને તેમછતાં જો કોઈ કરશે કરાવશે તો તે તેઓની અંગત જવાબદારી રહેશે. અમારા અસીલોની કોઈ જવાબદારી કે તેઓને સ્વીકાર્ય અને બંધનકર્તા રહેશે નહીં. અમારા અસીલો તેઓની વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરશે. જેની જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી. તા. ૨૩/૦૯/૨૦૨૬.

અમારા અસીલોની સહી/-
વિક્રમસિંહ ઉદેસિંહ પરમાર
ગુણવંતસિંહ ઉદેસિંહ પરમાર

મારી મારફતે વિરેન્દ્રસિંહ પી. રાઉલજી (એડવોકેટ)
૫૦, પ્રાઈમ ફલોરા, સંતરામ દેરી રોડ, નડિયાદ. મો. નં. : 99988 88108.

૮મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી



જન્મ તા. ૧૨/૦૨/૧૯૪૪ — અ.નિ. તા. ૨૪/૦૯/૨૦૧૮

સ્વ. ચંદુભાઈ જશભાઈ પટેલ (સામરખાવાળા)
સહકારી - શિક્ષણ ક્ષેત્રના પ્રભાવશાળી આગેવાન

સહકારી ક્ષેત્રના પ્રભાવશાળી અગ્રણી અને એનિમલ આગેવાન
સહકારી ક્ષેત્રે પ્રખર વિચારક, કુશળ માર્ગદર્શક અને લોકનેતા બન્યા
સહકારી પ્રવૃત્તિઓ અને ખેડૂતો તેમજ સામાન્ય માણસના ઉત્કર્ષ સાથે
સમગ્ર જીવન સહકાર, સેવા ને સમાજ ઉત્થાન માટે સમર્પિત રહ્યું

શ્રી બિપીનચંદ્ર પી. પટેલ (વકીલ)
પ્રમુખશ્રી, આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી, આણંદ

શ્રીમતી જયાબેન બિપીનચંદ્ર પટેલ

ડૉ. પાર્થ બિપીનચંદ્ર પટેલ (વાઈસ પ્રેસિડેન્ટ-સીઈઓ) — ડૉ. ઈશિતાબેન પાર્થ પટેલ (સેક્રેટરી-રજીસ્ટ્રાર)
ડો. વિઠ્ઠલકુમાર વી. પટેલ ● ડો. સુગ્નાબેન વી. પટેલ

આણંદ પીપલ્સ મેડીકેર સોસાયટી સર્વ પરિવાર

સરદાર બાગ પાસે, નવા બસ સ્ટેન્ડ સામે, આણંદ. [illegible]

આરોગ્ય ક્ષેત્રે ભાવિ શુભ આરંભ
શ્રીમતી કમળાબેન પી. પટેલ મેડિકેર એન્ડ ઓટી હોસ્પિટલ, આણંદ (મલ્ટી સુપર સ્પેશિયાલિટી)
N-9 કોમર્શિયલ કોમ્પલેક્ષ, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા બ્રાન્ચ ૧૦૮ રૂટ રોડ, આણંદ

શ્રી પી.એમ.પટેલ એજ્યુકેશન એન્ડ વેલ્ફેર સોસાયટી, આણંદ પરિવાર
'જશ-કમલ-પુરુષોત્તમ સ્મૃતિ', મહિકેનાલ કોલોની સામે, જિલ્લા સેવા સદન સામે, આણંદ

જાહેર નોટીસ → મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, વસોની કોર્ટમાં.
નં.જન્મ નોંધણી અરજી.૪૭/૨૦૨૬

અરજદારશ્રીઃ પટેલ ગીતાબેન રમણભઈ તે મુકેશભાઈના પત્ની,
રહે,બહુચર માતા મંદિર પાસે, મુ.ચમારડી, તા.અમરેલી-૩૬૫૪૧૦ — વિરૂધ્ધ
સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી રામપુર, ગ્રામ પંચાયત તા.વસો, જી.ખેડા.

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અનવ્યે જન્મની નોંધ કરાવવા જાહેર નોટીસ

આથી લાગતા વળગતા ઇસમોને જણાવવાનું કે, અરજદારશ્રી પટેલ ગીતાબેન રમણભાઈ નો જન્મ તા.૧૬/૦૮/૧૯૮૦ ના રોજ મુ.રામપુર, તા.વસો, જી.ખેડા મુકામે થયેલ પરંતુ જે તે વખતે કાયદાની અજ્ઞાનતાને કારણે તે જન્મની નોંધ ગ્રામ પંચાયતના રેકર્ડ દફ્તરે કરવાની રહી ગયેલ હોઇ, જન્મ ની નોધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. તો અરજીના અનુસંધાને જન્મની નોંધણી કરાવવા સામાવાળાને હુકમ કરવા સામે કોઇ ઇસમને વાંધો કે તકરાર હોઇ તો અ કોર્ટમાં નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી દિન-૩૦ માં પોતે અથવા વકીલ મારફતે મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજી= વસો, પેહલો માળ, તાલુકા સેવા સદન, સ્ટેશન રોડ, વસો ખાતે જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો. જો ઉપર દશા સમયગાળામાં વાંધો નહી આવે તો આગળની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઇસમો નોંધ લેવી.

આજ તા. ૧૮/૦૯/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો. — કોર્ટનો સિક્કો — એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર,વસો.


જાહેર નોટીસ

આથી અમો જાહેર જનતા જોગ આ નોટીસ આપી જણાવીએ છીએ કે, **મોજે ગામ ખાનપુર, તા. જી. આણંદનાં બ્લોક/સર્વે નં.૪૭૦/૨, કુલ ક્ષે.હે.૨-૩૦-૬૭ આરે, આકાર રૂ.૧૪.૯૪ પૈસા ખાતા નં.૯૯૫ પૈકી હે.૦-૨૪-૨૮ આરે તથા દક્ષિણ દિશા બાજુની હે.૦-૨૮-૦૦ આરે પૈકી હે.૦-૨૪-૦૦ આરે મળી કુલ ક્ષે.હે.૦-૪૮-૨૮ આરે વાળી જુની શરતની ખેતી લાયક જમીન અશોકભાઈ ખુમાનસિંહ રાવલજી, રહે. ખાનપુર, તા. જી.આણંદ નાઓની માલીકી કબજા ભોગવટાની આવેલ છે.** સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું જણાવેલ છે. જેથી સદરહુ મિલ્કત અંગે ટાઇટલ ક્લીયરન્સની માંગણી કરેલ છે. તેમજ સદરહું જમીનની ૭/૧૨ ની નકલમાં કોઇ બોજા આવેલ નથી તેમજ સદરહુ જમીનમાં કોઇપણ ઇસમ કે સરકારી, અર્ધસરકારી કે અન્ય કોઇપણ નાણાંકીય સંસ્થા કે પેઢીનો કોઇપણ જાતનો લાગ-ભાગ, હક્ક-હિત, હિસ્સો, અલાખો, ગીરો, બોજો, ચાર્જ, લીયન, દર-દાવો, કે અન્ય કોઇપણ જાતના પ્રોસીડીંગ્સ ચાલતા હોય, પેન્ડીંગ હોય અથવા તો તેના નિર્ણય આવી ગયેલા હોઇ અને સદર મિલ્કત પરત્વે બાનાખત કે આ સિવાયનાં અન્ય કોઇને કુલ મુખત્યાર તરીકે નીમેલ હોય, કે વેચાણ કે ટ્રાન્સફર સંબંધી કોઇપણ દસ્તાવેજ થયેલા હોય કે કોઇપણનો કોઇપણ જાતનો હક્ક દાવો પોષાતો હોઇ તો આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૧૦(દશ) માં અમો એડવોકેટ **સંદિપ સી. પરમાર**ને જણાવેલ સરનામે ઓરીજીનલ દસ્તાવેજી પુરાવાઓ સહિત જાણ કરવી અને તે અંગે અમારી પાસેથી લેખિતમાં સહી મેળવી લેવી. જો તેમ કરવામાં કસુર કરશો તો ઉપરોક્ત મિલ્કત પરત્વે કોઇપણ ઇસમનો કે સંસ્થાનો કોઇપણ પ્રકારનો લાગ-ભાગ, હક્ક, હિત-હિસ્સો, કબજો, અલાખો, ગીરો બોજો, ચાર્જ, લીયન કે કોઇપણ પ્રકારનો હક્ક-દાવો વિગેરે પોષાતો નથી કે આવેલ નથી. અને હોય તો તે કાયમને માટે જતો (વેવ) કરેલ છે. તેવું માની અમારા અસીલને ટાઇટલ ક્લીયરન્સ સર્ટિફિકેટ ઇસ્યુ કરવામાં આવશે અને ત્યારબાદ, અમારા અસીલ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખશે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળ : આણંદ, તા. ૨૩.૦૯.૨૦૨૬

સંદિપ સી. પરમાર (એડવોકેટ એન્ડ નોટરી)
ઓફિસ : ભદ્રકાલી મંદિર, બેંક ઓફ બરોડા પાસે, મુ.પો. ઓડ, તા. જી.આણંદ. મો. ૯૮૭૯૯ ૩૯૩૯૯.

બેસણું



જય શ્રી કૃષ્ણ સાથે જણાવવાનું કે મારા ધર્મપત્નિ
સ્વ.શ્રી ઇચ્છાબેન (ઉર્મિલાબેન) અમૃતલાલ ઓઝા
(ગામ નડીઆદ) નું તા :- ૨૧/૦૯/૨૦૨૬ ને સોમવારના રોજ દુઃખદ અવસાન થયું છે. જે ઘણું જ માઠુ થયું છે. પ્રભુને ગમ્યુ તે ખરુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે

સદગતનું બેસણું :- તા : ૨૫/૦૯/૨૦૨૬ ને શુક્રવાર ના રોજ
સમય સવારે :- ૦૯-૦૦ થી ૧૧-૦૦
બેસણા નુ સ્થળ :- વરીયા પ્રજાપતિ જ્ઞાતિ ભુવન, શારદા મંદિર સ્કૂલની પાછળ, જાહેર પાસે, નડીઆદ

:: શોકાતુર ::
ડૉ અમૃતલાલ એમ. ઓઝા (પતિ)
ચિરાગ અમૃતલાલ ઓઝા (પુત્ર) — શર્મિલા ચિરાગ ઓઝા (પુત્ર વધુ)
જાગૃતિ રાજેશકુમાર ઓઝા (પુત્રી) — સંગીતા હેમંતકુમાર પ્રજાપતિ (પુત્રી)
સંપર્ક નં :- ૯૪૨૬૬ ૩૩૨૩૫

જોઈએ છે.

* મીકેનીકલ એન્જિનિયર – Experience
* ઈલેક્ટ્રીક એન્જિનિયર
* સેલ્સ પર્સન– મિકેનિકલ એન્જિનિયર
* ડિઝાઈનમાં – મિકેનિકલ એન્જિનિયર

સંપર્ક : 9227135852

જાહેર નોટીસ

અમો નીચે સહી કરનાર એડવોકેટ અમિતકુમાર એન. ચૌહાણ, મું.તારાપુર, તા. તારાપુર, જી.આણંદ., ઓફીસ સરનામુ. મામલતદાર કચેરી સામે, તારાપુર, તા. તારાપુર, જી.આણંદના તે અમારા અસીલ શ્રી રમણભાઈ પિતાંમ્બરભાઈ સુથાર, ઠે.મોટુ ફળીયુ, તારાપુર, તા.તારાપુર, જી.આણંદ નાઓની સુચના અને પ્રસ્તાવથી આ જાહેર નોટીસથી લાગતા વળગતાઓને જાણ કરીએ છીએ કે,

જત ડીસ્ટ્રીકટ આણંદ તાલુકો તારાપુર ગામ મીલરામપુરાના સ.નં.૫૭૭, ખાતા નં.૧૧૫, ક્ષેત્રફળ ૨-૯૦-૩૬ ચોમી વાળી ખેતીની જમીન રમણભાઈ પિતાંમ્બરભાઈ તથા મનુભાઈ પીતાંમ્બરભાઈની સંયુકત માલીકીની પ્રત્યક્ષ કબજા ભોગવટાની આવેલી હોવાનુ તથા સદર મીલકતના ટાઈટલ બોજા રહીત એકદમ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનુ જણાવી મજકુર મીલકત અંગે અમારી પાસે ટાઈટલ કલીયર્ન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે.

આથી ઉપર જણાવેલ સદર ખેતીની જમીન ક્ષેત્રફળ ૨-૯૦-૩૬ ચોમી મીલકત પરત્વે કોઈપણ વ્યકિત, નાંણાકીય-સંસ્થા, સરકારી કે અન્ય કોઈપણ બેંક કે અન્ય કોઈ પણ નો કોઈપણ પ્રકારનો બોજો, હકક, દાવો, અલાખો, લાગ-ભાગ, હીત-સબંધ, બાનાખત કે બક્ષીસ, વારસાઈનો ભરણ-પોષણ વિગેરેનો અથવા તો કોઈપણ પ્રકારનો હકક, હીત, દાવા, હકક, હિત વિગેરે હોય તો આ નોટીસની તારીખથી દિન-૧૦ ની અંદર અમોને લેખીત પરાવા સહિત જાણ કરવી અને જો આમ કરવામાં કસુર થશે તો કોઈનો કોઈપણ પ્રકારનો હકક-દાવો કે હીત-સબંધ કે વાંધો નથી અને હોય તો તેણે જતો કરેલો છે તેમ સમજી અમો જરૂરી ટાઈટલ કલીયર્ન્સ સર્ટીફીકેટ આપી દઈશુ અને તે પછી કોઈની પણ કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહી તેની લાગતા વળગતા સર્વે ને આ નોટીસથી જાણ કરવામાં આવે છે.

તા.૨૩/૦૯/૨૦૨૬

અમિતકુમાર એન ચૌહાણ-એડવોકેટ
મું. તારાપુર, તા.તારાપુર, જી. આણંદ. મો.૯૬૦૧૧૬૫૦૫૫

કરમસદ કેળવણી મંડળ સંચાલિત
એન.આર.પટેલ બી.એડ.કોલેજ, કરમસદ
કરમસદ કેળવણી મંડળ કેમ્પસ કરમસદ, જી.આણંદ
E-mail : nrpatelbedcollege@gmail.com

કરમસદ કેળવણી મંડળ સંચાલિત તથા સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર સંલગ્ન (સ્વનિર્ભર) બી.એડ. કોલેજ માટે નીચેની જગ્યા માટે અરજી આવકાર્ય છે.

૧	આચાર્ય (જગ્યા ૧)	એમ.એ./એમ.કોમ./એમ.એસ.સી. તથા એમ.એડ તથા પી.એચ.ડી./અધ્યાપન સંશોધન/પ્રશાસનનો ૧૫ વર્ષનો અનુભવ.
૨	આસિસ્ટન્ટ પ્રોફેસર સંસ્કૃત-૧, ગુજરાતી-૧, અંગ્રેજી-૧, અર્થશાસ્ત્ર-૧, સામાજિક વિજ્ઞાન-૧ વિજ્ઞાન-૧	એમ.એ. (૫૫%), એમ.એસ.સી (૫૫%) એમ.એડ (૫૫%)

(૧) શિક્ષણશાસ્ત્ર કે પ્રસ્તુત શિક્ષણમાં NET/GSET કે Ph.D. ની પદવીને અગ્રતા આપવામાં આવશે.
(૨) પગાર ધોરણ યુ.જી.સી. અને રાજ્ય સરકારના ધારા-ધોરણ પ્રમાણે મળશે.
(૩) જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી દસ દિવસ સુધીમાં અરજી સ્વીકારવામાં આવશે.
(૪) અંતિમ તારીખ : ૦૩-૧૦-૨૦૨૬ પછીથી આવેલ અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં.
(૫) ઉમેદવારોએ યુનિવર્સિટીના વેબસાઈટ spuvvn.edu/downloads/related to establishment section ઉપર મુકવામાં આવેલ નિયત ફોર્મેટ મુજબ અરજી કરવી.

પ્રમુખશ્રી - મિલેશભાઈ આઈ. પટેલ

જાહેર નોટીસ — અરજદારના વકીલશ્રી જે. એસ. શેખ

બાલાસિનોરના મહે. પ્રિન્સીપાલ સીની. સિવિલ જજ અને એડીશનલ ચીફ જ્યુડી. મેજી. સાહેબશ્રીની કોર્ટમાં, મુ. બાલાસિનોર, જી. મહીસાગર. ક્રિ. પ્રા. અ. નં. ૧૦૦/૨૦૨૫

અરજદાર :- શેખ મહંમદનવાઝ મહંમદભાઈ, ઉ. વ. : ૨૩, ધંધો : અભ્યાસ, રહે. નુરેઈલાહી સોસાયટી, પોલીસ સ્ટેશન પાસે, અમદાવાદ હાઈવે, મું. પો. તા. બાલાસિનોર, જી. મહીસાગર. — વિરૂદ્ધ — મુદત તારીખ : ૨૬/૧૦/૨૦૨૬

સામાવાળા :- (૧) પ્રિન્સીપાલશ્રી, કરૂણા નિકેતન હાઈસ્કૂલ, તા. બાલાસિનોર, જી. મહીસાગર.
(૨) પ્રિન્સીપાલશ્રી, નવગુજરાત ઉચ્ચ. માધ્યમિક શાળા, તા. બાલાસિનોર.
(૩) બાલાસિનોર નગરપાલિકા, બાલાસિનોર, જી. મહીસાગર.
(૪) જીલ્લા શિક્ષણાધિકારી, લુણાવાડા, જી. મહીસાગર.

વિષય : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના વિનિયમો ૧૯૭૪ની કલમ ૧૨(એ) કલોઝ - ૬ મુજબ સુધારા બાબત...

આથી લાગતાવળગતા તથા હિત ધરાવતા તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, અરજદાર નામે MAHAMMADNAVAZ MAHAMMADBHAI YUSUFBHAI SHAIKHના નવગુજરાત ઉચ્ચ. માધ્યમિક શાળા, બાલાસિનોરના સ્કૂલના જી. આર. રજીસ્ટર નં. ૨૧૦૧, સી. નં. ૧૯૯૬માં અરજદારનું નામ GHANCHI MAHAMMADNAVAZ MAHAMMADBHAI નોંધાઈ ગયેલ છે. જેથી અરજદારનું સાચું નામ MAHAMMADNAVAZ MAHAMMADBHAI YUSUFBHAI SHAIKH હોય તે મુજબ નોંધ તે કરે માટે આ કામના સામાવાળા વિરૂદ્ધ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના વિનિયમો ૧૯૭૪ની કલમ ૧૨(એ) કલોઝ - ૬ મુજબની હાલની અરજી અત્રેની કોર્ટમાં દાખલ કરેલ છે. સદરહુ અરજી સામે જો કોઈ ઈસમોને વાંધો યા તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં તારીખ : ૨૬/૧૦/૨૦૨૬ના રોજ સવારના ૧૧-૦૦ કલાકે પોતાના વાંધા યા તકરાર નામદાર કોર્ટ સમક્ષ રજુ કરવા. જો તેમ કરવામાં ચૂક યા કસુર કરવામાં આવશે તો નામદાર કોર્ટ સદરહુ અરજી અંગે આગળની કાયદેસરની કાર્યવાહી કરશે. જેની ગંભીર નોંધ લેશો.

આજ તારીખ ૨૧મી સપ્ટેમ્બર, સને ૨૦૨૬ના રોજ મારી સહી અને સિક્કો કરીને આપ્યો. — આદેશથી,

તૈયાર કરનાર સહી/- (પી. પી. પ્રજાપતિ) આસીસ્ટન્ટ — મુકાબલ કરનાર સહી/- (આર. એ. શેખ) સુપ્રિન્ટેન્ડેન્ટ — કોર્ટનો સિક્કો — સહી/- અવાચ્ય (એચ. ડી. રાવલ) રજીસ્ટ્રાર, પ્રિન્સીપાલ સીનીયર સિવિલ કોર્ટ, બાલાસિનોર.

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda — બેંક ઓફ બરોડા, મેઈન બ્રાન્ચ, આણંદ ૩૮૮૦૦૧, તા.જિ. આણંદ

સુરક્ષા હિત (અમલ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૮ (૧)

કબજા નોટિસ

નિયમ ૮ (૧) સ્થાવર મિલકત માટે

સંપતિ કબજા અંગેની જાહેરનામા અધિનિયમ "સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (સેકન્ડ) એક્ટ, ૨૦૦૨" અંતર્ગત બેંક ઓફ બરોડાનો હસ્તાક્ષરકર્તા અધિકૃત અધિકારી તરીકે નિયુક્ત છે અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૩સાથે વાંચવા માટેની કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને, તા. ૦૯.૦૬.૨૦૨૬ના રોજ માંગ નોટિસ જારી કરી હતી. જેમાં ઉધારલેનાર **શ્રી સુમિતકુમાર દિનેશભાઈ સુથાર** ને નોટિસમાં દર્શાવેલ રકમ **રૂપિયા ૧૩,૯૨,૬૪૯.૬૧/- (અંકે રૂપિયા તેર લાખ બાણુ હજાર છસો ઓગણપચાસ રૂપિયા અને એકસઠ પૈસા માત્ર)** તેમજ તે ઉપર લાગુ ન કરાયેલ વ્યાજ, વસૂલ ન થયેલ વ્યાજ, [illegible]

તારણ માલમત્તાનું (સિક્યોર્ડ મિલકત) વર્ણન :

[illegible]

તારીખ: ૧૯.૦૯.૨૦૨૬, સ્થળ: આણંદ — અધિકૃત અધિકારી અને મુખ્ય વ્યવસ્થાપક

નોંધ : વિવાદની સ્થિતિમાં અંગ્રેજી અનુવાદને માન્ય રાખવામાં આવશે.